॥ શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૪૪

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સં-૨૦૭૪, શ્રાવણ સુદ - ૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર, સંયમી, વિદ્વાન જ્ઞાની ગુરૂભગવંતોના ચરણોમાં ચરણસેવક શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના કોટિ કોટિ વંદન...

જિનાજ્ઞા સમારાધક પંડિતવર્યશ્રી / શ્રુતભક્ત શ્રાવક આદિને પ્રણામ.

જૈન શાસનમાં જ્ઞાનનું ખૂબ જ મહત્વ છે. અને જ્ઞાનની પૂજા કરવાનું કહેલ છે. પૂર્વકાળમાં ઘણા બધા શ્રાવકોએ જ્ઞાનની ઉત્કૃષ્ટ ભક્તિ કરીને પોતાના સ્વદ્રવ્યથી જ્ઞાનભંડારોનું નિર્માણ કરેલ અને તેમાં લહિયાઓ દ્વારા હસ્તપ્રતો લખાવીને પોતાના જ્ઞાનભંડારોને સમૃદ્ધ કરેલ, તેજ રીતે આજના સમયમાં સમુદાય પ્રેરિત કે ગુરુભગવંત પ્રેરિત ઘણા જ્ઞાનભંડારો અસ્તિત્વ ધરાવે છે. અને પ્રાયઃ તે બધા જ જ્ઞાનભંડારો ખૂબ જ વિશિષ્ટ પ્રકારના ગ્રંથો યુક્ત સમૃદ્ધ હોય છે. તેજ રીતે મોટા સંઘોમાં પણ જ્ઞાનભંડારો હોય છે, જ્યાંથી પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો અને વિદ્વાનો તેમના સ્વાધ્યાય માટે ગ્રંથો મેળવીને અભ્યાસ કરે છે,પરંતુ અત્યારે દર વર્ષ ચાર્તુમાસમાં સાધુ કે સાધ્વીજી બિરાજમાન હોય તેવા ૧૩૦૦ થી વધુ સંઘો છે જ્યારે ટોટલ જ્ઞાનભંડારની સંખ્યા ૪૫૦ ની જ છે. અને જ્યાં ચાર્તુમાસ નથી થતાં ફક્ત પર્યુષણ દરમ્યાન આરાધના થતી હોય તેવા ૩૦૦૦ થી વધુ સંઘો છે. તો આવા સંઘોમાં પણ મોટો સમૃદ્ધ જ્ઞાનભંડાર ન હોય તો કાંઇ નહીં ફક્ત મીની જ્ઞાનભંડાર કે લાયબ્રેરી ઉપાશ્રયમાં જ બનાવી શકાય ફક્ત એક કબાટમાં ભણવાના પુસ્તકો-સંસ્કૃત ભાષા-વ્યાકરણ અને ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને કર્મગ્રંથના પુસ્તકો અને બીજા કબાટમાં ફક્ત સંસ્કૃત વાંચન માટેના અને જૈન ધર્મના પ્રાથમિક ગ્રંથો જેવા કે ત્રિશષ્ટી શલાકા પુરુષ, ગૌતમપૃચ્છા, પંચાશક, તત્વાર્થ સૂત્ર વગેરે રાખીને પણ જ્ઞાનભક્તિનો ઉત્તમ લાભ લઇ શકાય. પૂજ્ય ગુરભગવંતો અને વિદ્વાનો માટે જ્ઞાનભંડાર જરૂરી છે તેજ રીતે ચર્તુવિધ સંઘના પાયાના સ્થંભ એવા શ્રાવક-શ્રાવિકા અને બાળકો માટે સદ્વાંચન માટે ઓપન લાયબ્રેરી પણ જરૂરી છે. જ્યાંથી પોતાના અનુકુળ સમયે પુસ્તક લઇને ત્યાંજ બેસીને વાંચી શકે અને જરૂર મુજબ ઘરે લઇ જઇને વાંચીને પરત પણ મુકી શકાય. આ માટે દરેક ઉપાશ્રયમાં એક રેક દિવાલમાં રાખી શકાય જેમાં જૈનધર્મના પરિચય આપતા જુદા જુદા પુસ્તકો તેમજ આપણા જ ગુરુભગવંતો અને વિદ્વાનોના બહુ જ લોકપ્રિય બેસ્ટ સેલર પુસ્તકો મુકી શકાય. લઘુમતી સમાજ દ્વારા ચલાવવામાં આવતી સ્કુલ, હોસ્પીટલમાં દરેક રીસેપ્શન કે જાહેર સ્થાનમાં તેમના ધર્મનો પરિચય આપતી બુકલેટ અને પુસ્તકો જુદી જુદી ભાષામાં મુકેલા હોય છે તેઓની દરેક હોસ્પીટલો કે હોટલોમાં દરેક રૂમમાં કુરાન કે બાઇબલ મુખ્ય ધાર્મિક પુસ્તક જુદી જુદી ભાષામાં ટેબલનાં ખાનામાં હોય છે, તેવું અમે જાતે ઘણી જગ્યાએ જોયેલુ છે. આ રીતે સામાજીક સેવાની સાથે અને પોતાના વ્યવસાય દ્વારા પણ ધર્મનો પ્રચાર પ્રસાર કરતા હોય છે. અનુસંધાન પાન નં...૮ ઉપર

" दासोऽहं सर्व साधूनाम् "

લી. જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ



Scanned with CamScanner

# સંવત ૨૦૭૪ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | દંડક, લઘુસંગ્રહણી | શ્રુતોપાસક | સં./હિં. | શ્રી આશાપૂરણ પાર્શ્વનાત જૈન જ્ઞાનભંડાર |
| ૨ | જીવ વિચાર, નવતત્વ | શ્રુતોપાસક | સં./હિં. | શ્રી આશાપૂરણ પાર્શ્વનાત જૈન જ્ઞાનભંડાર |
| ૩ | કર્મગ્રંથ-૧,૨,૩ | શ્રુતોપાસક | સં./હિં. | શ્રી આશાપૂરણ પાર્શ્વનાત જૈન જ્ઞાનભંડાર |
| ૪ | ભાષ્યત્રયમ્ | શ્રુતોપાસક | સં./હિં. | શ્રી આશાપૂરણ પાર્શ્વનાત જૈન જ્ઞાનભંડાર |
| ૫ | ભાષ્યત્રયમ્ -૨ (ગુરુવંદન ભાષ્ય) | પૂ.ધર્મશેખરવિજયજી | સં./ગુજ. | અરિહંત આરાધક ટ્રસ્ટ |
| ૬ | ભાષ્યત્રયમ્-૩ (પચ્ચખાણ ભાષ્યમ્) | પૂ.ધર્મશેખરવિજયજી | સં./ગુજ. | અરિહંત આરાધક ટ્રસ્ટ |
| ૭ | ગમતાનો કરીએ ગુલાલ (વિશેષાંક) | પૂ.જ્ઞાતનંદનવિજયજી | સં./ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૮ | પાક્ષિક સૂત્ર (પ્રતાકાર) | પૂ.હૃદયસુંદરવિજયજી | સં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૯ | અજીતનાથપ્રભુ ચરિત્રમ્ | સા.વિનયપૂર્ણાશ્રીજી | સં. | ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૧૦ | ન્યાય વાક્યપરિષ્કાર | | સં. | ------------- |
| ૧૧ | ઉપદેશ રત્નકોષ | આ.કીર્તિયશસૂરિજી | સં./ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૧૨ | બૃહદ ધારણાયંત્ર-ધારણાગતિ યંત્ર | પૂ.સૌમ્યરત્નવિજયજી | હિ. | જિન શાસન આરાધના ટ્રસ્ટ |
| ૧૩ | દાન કા પુણ્ય | સા.પ્રિયરંજનાશ્રીજી | હિ. | અમદાવાદ ખરતરગચ્છ સંઘ |
| ૧૪ | પ્રસંગ યશ | આ.મુનીચંદ્રસૂરિજી | હિ. | ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૧૫ | જગત હૈ સ્વાર્થ કા સાથી | પૂ.રાજપર્વવિજયજી | હિ. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૧૬ | અસર બાતોં કી ભા-૧,૨ | પૂ.રાજપર્વવિજયજી | હિ. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૧૭ | ચલો જિનાલય ચલે | આ.હેમરત્નસૂરિજી | હિ. | અર્હદ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ |
| ૧૮ | શ્રુત જ્ઞાન પૂજા | આ.રત્નસંચયસૂરિજી | હિ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૧૯ | જૈનાચાર્ય જયંતસેન વાગ્મય | સુરેન્દ્ર લોઢા | હિ. | ચેતન કશ્યપ ફાઉન્ડેશન |
| ૨૦ | જયન્તસેન વાગ્મય પરિશિષ્ટમ્ | સુરેન્દ્ર લોઢા | હિ. | ચેતન કશ્યપ ફાઉન્ડેશન |
| ૨૧ | શંખેશ્વર પાર્શ્વનાથ પૂજન વિધાન | આ.નયચંદ્રસાગરસૂરિજી | હિ. | પૂર્ણાનંદ પ્રકાશન |
| ૨૨ | અમૃત રસ કા પ્યાસા | આ.રત્નસેનસૂરિજી | હિ. | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૨૩ | પર્યુષણ પર્વ કે ૮ પ્રતિક્રમણ | આ.રત્નસંચયસૂરિજી | હિ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૨૪ | પંચામૃત સ્વાધ્યાય | આ.રત્નસંચયસૂરિજી | હિ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૨૫ | મૈં હી મેરા દુશ્મન | આ.સોમસુંદરસૂરિજી | હિ. | શ્રી સોમચિંતામણી પ્રકાશન |
| ૨૬ | અંતર કા આનંદ (જ્ઞાનપંચમી પ્રવચન) | આ.સોમસુંદરસૂરિજી | હિ. | શ્રી સોમચિંતામણી પ્રકાશન |
| ૨૭ | કથા શ્રી ૧૦૮ પાર્શ્વનાથ કી | પૂ.શ્રુતસુંદરવિજયજી | હિ. | શ્રી સોમચિંતામણી પ્રકાશન |
| ૨૮ | સાધક કા શ્વાસ | આ.સોમસુંદરસૂરિજી | હિ. | શ્રી સોમચિંતામણી પ્રકાશન |
| ૨૯ | મહાન યોગી પુરુષ | આ.રત્નસેનસૂરિજી | હિ. | દિવ્ય સંદેશ પ્રકાશન |
| 30 | વિચાર વૈભવ | જે. કે. સંઘવી | હિ. | કલ્પતરૂ પ્રકાશન |
| ૩૧ | બે પ્રતિક્રમણ સૂત્ર સાધનિકા | સા.મોક્ષયશાશ્રીજી | હિ. | લબ્ધિ વિક્રમ સંસ્કૃતિ કેન્દ્ર |
| ૩૨ | આત્મા કા વિકાસ ક્રમ-૧,૨ | પૂ.સંયમકીર્તિવિજયજી | હિ. | સમ્યગ્ જ્ઞાન પ્રચારક સમિતી |
| 33 | પ્રસંગ કુંભ | આ.મુનીચંદ્રસૂરિજી | હિ. | ઓમકારસૂરિજી જ્ઞાનમંદિર |
| ૩૪ | પ્રાકૃત સાહિત્યકા ઇતિહાસ | ડૉ.જગદીશચંદ્ર જૈન | હિ. | નરતા જૈન સંઘ |
| ૩૫ | સંમૂર્ચ્છિત મનુષ્યઓનું આગમિક સત્ય | આ.યશોવિજયસૂરિજી | હિ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |



Scanned with CamScanner

# સંવત ૨૦૭૪ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૬ | બડી સાધુ વંદના કથા સંગ્રહ | પૂ.વિનયમુનીજી | હિ. | વર્ધમાન મહાવીર કેન્દ્ર |
| ૩૭ | પ્રેમકી પ્રતિજ્ઞા સૂરિ પ્રેમ | આ.હીરચંદ્રસૂરિજી | હિ. | પિંડવાડા જૈન સંઘ |
| ૩૮ | મૌન | આ.જયંતસેનસૂરિજી | હિ. | જયંતસેન મ્યુઝીયમ |
| ૩૯ | એક દોસ્ત જો જિંદગી બદલ દે | આ.રાજપરમસૂરિજી | હિ. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૪૦ | ભીનમાલ કી ભવ્યતા | આ.રત્નસંચયસૂરિજી | હિ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૪૧ | શ્રમણ ચિન્તન | પૂ.મનિતપ્રભસાગરજી | હિ. | જિનકાંતસૂરિ ટ્રસ્ટ |
| ૪૨ | વિજ્ઞાન જૈન ધર્મ કી કસોટી પર ? | આ.નંદીઘોષસૂરિજી | હિ. | ભારતીય પ્રા.વૈજ્ઞાનિક ટ્રસ્ટ |
| ૪૩ | દેવકુલ પાટક (દેલવાડા) | વિરેન્દ્ર સિરોયા | હિ. | ઓમચિંતામણી પ્રકાશન |
| ૪૪ | પ્રભુ વીર કી શ્રમણ પરંપરા | ભૂષણ શાહ | હિ. | મિશન જૈન વિ.જાગરણ |
| ૪૫ | જય જયવંત જિરાવલા | ભૂષણ શાહ | હિ. | મિશન જૈન વિ.જાગરણ |
| ૪૬ | શરાક પૂર્વાચલ મેં જૈન ધર્મ કે પ્રતિક | ડૉ.લત્તા બોથરા | હિ. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૪૭ | તપોવાટિકા | સા.નિતિપ્રજ્ઞાશ્રીજી | હિ. | જિનકાંતિસાગરસૂરિ ટ્રસ્ટ |
| ૪૮ | SANSKAR A-B-C-D | પ્રિયમ | અં. | નવભારત સાહિત્ય મંદિર |
| ૪૯ | NAV TATVA | આ.તિર્થભદ્રસૂરિજી | અં. | શ્રી કનકસૂરિ પ્રા.ગ્રંથમાળા |
| ૫૦ | PEARL OF WISDOM | આ.યશોવર્મસૂરિજી | અં. | નીલેશભાઇ શાહ |
| ૫૧ | SANSKAR SHAKTI | આ.રાજહંસસૂરિજી | અં. | સંસ્કાર શક્તિ |
| ૫૨ | સમજુતી શી.શિદોરી | આ.યશોવર્મસૂરિજી | મરાઠી | નીલેશભાઇ આર.શાહ |
| ૫૩ | THE KING MAKER-1 (ત્રિમાસીક) | કલ્પેશભાઇ વી.શાહ | | શ્રી રત્નત્રયી ટ્રસ્ટ |
| ૫૪ | અનુસંધાન ૭૩,૭૪ (ત્રિમાસીક) | આ.શીલચંદ્રસૂરિજી | સં./હિં. | હેમચંદ્રાચાર્ય જન્મશતાબ્દિ |
| ૫૫ | સેતુબંધ- ૯,૧૦ (ત્રિમાસીક) | પૂ.યશરત્નવિયજી | સં. | |
| ૫૬ | સેતુ બંધ -૧૧ (પ્રેમપર્વ) (ત્રિમાસીક) | પૂ.યશરત્નવિયજી | સં. | |
| ૫૭ | નિશ્રેયસમ્ (ત્રિમાસીક) | પૂ.સમ્યગ્દર્શનવિજયજી | સં. | હીરસૂરિજી શ્રુતજ્ઞાનભવન |
| ૫૮ | નંદનવન કલ્પતરૂ-૩૯,૪૦ | કીર્તિત્રયી | સં. | જૈન ગ્રંથ પ્રકાશન સમિતી |
| ૫૯ | પ્રસંગ પરિવર્તન | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૬૧ | જૈન નરરત્ન ભામાશાહ | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૬૧ | પ્રસંગ રત્નાકર | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૬૨ | પ્રસંગ પ્રેરણા | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૬૩ | મૌન એકાદશી સ્તવનાદિ સંપૂટ | પં.પ્રશાંતવલ્લભવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૬૪ | આંસુ | પૂ.રાજસુંદરવિજયજી | ગુજ. | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૬૫ | ડેવલપમેન્ટ | આ.રત્નચંદ્રસૂરિજી | ગુજ. | રત્નોદય ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૬૬ | રાજેન્દ્ર વ્યાખ્યાન સંગ્રહ | આ.રત્નચંદ્રસૂરિજી | ગુજ. | રત્નોદય ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૬૭ | કવિ હૃદયની સરગમ | આ.લલિતપ્રભસૂરિજી | ગુજ. | શ્રી નિતીસૂરિજી સંસ્કાર વાટિકા |
| ૬૮ | પ્રેમસૂરીશ્વરજીની શ્રુતસેવા | આ.અભયશેખરસૂરિજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૬૯ | દાદા ગુરુદેવ | પૂ.રત્નભાનુવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |



Scanned with CamScanner

# સંવત ૨૦૭૪ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૭૦ | મહાપંથનો યાત્રી | પં.નંદિભૂષણવિજયજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૭૧ | પુણ્યપ્રકાશાદિ પાંચ સૂત્ર | આ.રત્નસંચયસૂરિજી | ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય. |
| ૭૨ | શંખેશ્વર દાદાની ભાવયાત્રા | આ.રત્નસંચયસૂરિજી | ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય. |
| ૭૩ | શ્રુતજ્ઞાન પૂજા | આ.રત્નસંચયસૂરિજી | ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય. |
| ૭૪ | ઉંડાણ ના હસ્તાક્ષર | આ.નાનેશ | ગુજ. | અખિલભારતીય સાધુમાર્ગીય સંઘ |
| ૭૫ | સમતા દર્શન અને વ્યવહાર | આ.નાનેશ | ગુજ. | અખિલભારતીય સાધુમાર્ગીય સંઘ |
| ૭૬ | વ્હાલો મળ્યાની વધામણી | પં.આત્મદર્શનવિજયજી | ગુજ. | જિતેન્દ્ર ગાલા |
| ૭૭ | કલાપૂર્ણમ્ વંદે સદ્ગુરુભ્યમ્ | પં.આત્મદર્શનવિજયજી | ગુજ. | અઠવા લાઇન્સ જૈન સંઘ |
| ૭૮ | મારા પ્યારા પ્રભુ | પં.આત્મદર્શનવિજયજી | ગુજ. | અઠવા લાઇન્સ જૈન સંઘ |
| ૭૯ | દિવ્ય વાર્તાનો ખજાનો-૨૧ (શંખેશ્વરગુણ ખજાનો) | પૂ.દિવ્યવલ્લભવિજયજી | ગુજ. | અજયભાઇ મહેન્દ્રભાઇ મહેતા |
| ૮૦ | શબ્દાભિર્ષક | આ.ઉદયવલ્લભસૂરિજી | ગુજ. | સમકિત યુવક મંડળ |
| ૮૧ | નવકાર અનુષ્ઠાન | આ.નરચંદ્રસાગરસૂરિજી | ગુજ. | પૂર્ણાનંદ પ્રકાશન |
| ૮૨ | નેમી અર્ચના | પૂ.ધર્મકીર્તિવિજયજી | ગુજ. | શ્રી જૈન ગ્રંથ પ્રકાશન સમિતી |
| ૮૩ | આધુનિક યુગ સંદર્ભ અને જૈન દર્શન ના તત્વો | ડૉ.નલિની દેસાઇ<br>---------------- | ગુજ. | ઇન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી<br>--------------- |
| ૮૪ | યુગદ્દષ્ટા યોગનિષ્ઠનો જ્ઞાન વૈભવ | ડૉ.રેણુકાબેન જે.પોરવાલ | ગુજ. | મહુડી જૈન શ્વે.મૂ.પૂ.સંઘ |
| ૮૫ | ભક્તામર કથા સરિતા | શા.પુનમચંદ નાગરદાસ | ગુજ. | ગુરુરામચંદ્ર પ્રકાશન સમિતી |
| ૮૬ | વિજ્ઞાન જૈન ધર્મની કસોટીએ | આ.નંદીઘોષસૂરિજી | ગુજ. | ભારતિય પ્રા.વૈજ્ઞાનીક સંસ્થા |
| ૮૭ | સૂરિપ્રેમનું સરનામું- ૧,૨ | આ.મુક્તિવલ્લભસૂરિજી | ગુજ. | સમકિત યુવક મંડળ |
| ૮૮ | પુંડરીક ગણધરાય નમો નમઃ | આ.મુક્તિવલ્લભસૂરિજી | ગુજ. | મનીષભાઇ સુમતીલાલ મહેતા |
| ૮૯ | સાધના સંકેત | પૂ.યશરત્નવિજયજી | ગુજ. | જિન ગુણ આરાધક ટ્રસ્ટ |
| ૯૦ | સૂરિપ્રેમ તારા ગામો ગામ બેસણા | પં.નંદીઘોષવિજયજી | ગુજ. | ભુવનભાનુ શાન્તિ ધામ |
| ૯૧ | સૂરિપ્રેમ પરિવાર | પં.નંદીઘોષવિજયજી | ગુજ. | ભુવનભાનુ શાન્તિ ધામ |
| ૯૨ | આઠ કદમ શત્રુંજયની રક્ષા કાજે | આ.હિતવર્ધનસૂરિજી | ગુજ. | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૯૩ | પરિષહ વિજેતા | પૂ.મોક્ષરતિવિજયજી | ગુજ. | પરમપદ પ્રકાશન |
| ૯૪ | મૃત્યુનું મેનેજમેન્ટ | પૂ.વૈરાગ્યરતિવિજયજી | ગુજ. | શ્રુતદીપ રીસર્ચ ફાઉન્ડેશન |
| ૯૫ | પ્રસંગ નિધાન | આ.મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૯૬ | જુગ જુગથી ઝંખુ છુ તમને | આ.યશોવિજયસૂરિજી | ગુજ. | ઓમકારસૂરિજી આરા.ભવન |
| ૯૭ | કલાપૂર્ણોસ્તુ મંગલમ્ | આ.મુક્તિ-મુનિચંદ્રસૂરિજી | ગુજ. | ચંપકભાઇ ડેઢીઆ |
| ૯૮ | ઇતિહાસનું નવસર્જન | ગુરુમાના શિષ્યો | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૯૯ | ઉપદેશમાળા | આ.નરરત્નસૂરિજી | પ્રા/ગુજ. | સમ્યગ્ જ્ઞાન પ્રકાશક સમિતી |
| ૧૦૦ | ઍંગલ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૧૦૧ | ઉઘાડ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૧૦૨ | ટચ ધ સ્કીન | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૧૦૩ | વિશ્વનો વૈભવ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૧૦૪ | ઉજાસ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |

Scanned with CamScanner

# સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટૂંક સમયમાં પ્રકાશિત થશે.)

**પૂ. ધર્મતિલકવિજયજી (પૂ. આ. શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) પ્રશ્નપદ્ધતિ સાર્થ - કર્તા - પં. હરિશચંદ્રગણિ

(૨) જયતિહુઅણ સ્તોત્ર - સાર્થ - સાવચૂરિ

પૂજ્ય ગુરુભગવંતો અને વિદ્વાનાએ સતત જ્ઞાનાભ્યાસ અને સંશોધન કરીને પૂર્વાચાર્યોએ રચેલા જિનશાસનના અણમોલ ખજાનામાં રહેલ રત્નોને પ્રકાશિત કર્યા છે. મુદ્રિત ગ્રંથો સહેલાઇથી જુદા-જુદા શહેરોમાં જ્ઞાનભંડારોમાં ઉપલબ્ધ થવાથી સંયમીઓના અભ્યાસમાં ખૂબ જ વૃધ્ધિ થઇ છે. હસ્તપ્રત ભંડારના ટ્રસ્ટીઓ સંચાલકોએ પણ તેમના હસ્તપ્રત સંગ્રહમાંથી ઉદારતા પૂર્વક ગ્રંથોની સોફ્ટ કોપી કે ઝેરોક્ષ પૂરી પાડીને શ્રુતભક્તિના યજ્ઞમાં સહાયક બન્યા છે. સાગરરૂપિ શ્રુતના ખજાનામાં હજુ પણ ઘણા બધા ગ્રંથો અપ્રકાશિત રહેલા છે. આ અપ્રગટ ગ્રંથોમાંથી પ્રકાશિત કરવા માટેના ગ્રંથોની યાદી અમોએ અંક-૪ માં ૨૩, અંક-૬ માં ૩૦, અંક-૯ માં ૫૯, અંક-૧૨ માં ૩૫, અંક-૧૮ માં ૨૩ અને અંક-૧૯માં ૨૨ આમ કુલ ૨૨૯ સંસ્કૃત-પ્રાકૃત કૃતિઓની વિગતો આપી હતી. અને જે તે કૃતિના સંગ્રાહક હસ્તપ્રત ભંડારની પણ માહિતી આપી હતી. આ વખતે મારૂ ગુર્જર રાસ ચોપાઇની થોડીક અપ્રગટ કૃતિઓની યાદી રજુ કરી છે જેથી પૂજ્યો જે તે વિષયમાં પોતાની ક્ષમતા અને ક્ષયોપશમ મુજબ આ ગ્રંથોનું સંપાદન કરીને પૂર્વાચાર્યોની અદ્યાવિધ અપ્રકાશિત કૃતિને સંશોધન-સંપાદન કરીને ભક્તિ કરી શકાય.

| ક્રમ | પુસ્તકનું નામ | કર્તા | સંગ્રહકર્તા જ્ઞાનભંડાર | નંબર | પ્રત |
|---|---|---|---|---|---|
| ૧ | ચિત્ર સંભૂતિ રાસ | જ્ઞાનસાગર | કોલકત્તા | ૯૦૬ | ૧૮ |
| ૨ | રાત્રિ ભોજન રાસ | શીતલ સાગર | કોલકત્તા | ૨૬૪ | ૨૪ |
| ૩ | સંઘ પૂજન રાસ | સમયસુંદર ઉપા. | કોલકત્તા | ૯૮૭ | ૨૦ |
| ૪ | અષાઢાભૂતિ રાસ | જ્ઞાનસાગર | કોલકત્તા | ૧૬૯૯ | ૧૬ |
| ૫ | આનંદ શ્રાવક રાસ | રતન હર્ષ | ઉજ્જૈન | ૨૭૧૮ | ૧૦ |
| ૬ | રેવડ માલા રાસ | હીર વિજય | ઉજ્જૈન | ૨૩૭૧ | ૭ |
| ૭ | શાંબ પ્રધુમ્ન રાસ | સમયસુંદર | ઉજ્જૈન | ૨૪૪૩ | ૨૩ |
| ૮ | અમરદત્ત મિત્રાનંદ રાસ | અજ્ઞાત | ઉજ્જૈન | ૧૬૦૮૮ | ૪૭ |
| ૯ | અમરસેન વયરસેન રાસ | અજ્ઞાત | ઉજ્જૈન | ૫૯૨ | ૫ |
| ૧૦ | ઉદયભાણ વિરભાણ રાસ | કુશલસાગર | કોલકત્તા | ૨૦૦ | ૪૨ |
| ૧૧ | ચિત્ર સંભૂતિ ચોપાઇ | ન્યાયસાગર | કોલકત્તા | ૩૧૯ | ૨૬ |
| ૧૨ | ચંપકસેન રાય રાસ | મતિસાગર | કોલકત્તા | ૬૯૨ | ૧૮ |
| ૧૩ | ચંદન મલયાગિરિ ચોપાઇ | કેશર | કોબા | ગાથા | ૨૬૫ |
| ૧૪ | ચંદન મલયાગિરિ ચોપાઇ | અજ્ઞાત | કોબા | ગાથા | ૨૭૩ |
| ૧૫ | શીલ રાસ | જ્ઞાનચંદ્ર | કોબા | ગાથા | ૧૯૬ |
| ૧૬ | ગજસિંહ પ્રબંધ (શીલ મહાત્મય) | માણિક્ય મુનિ | ઉજ્જૈન | ૧૭૯૦ | ૨૧ |
| ૧૭ | કંડરિક પુંડરિક ભાષ્ય | મેઘરાજ(પ્રાકૃત) | ઉજ્જૈન | ૨૦૩૨ | ૨૧ |
| ૧૮ | ચંદન મલયાગિરિ કથા | અજ્ઞાત (પ્રાકૃત) | ઉજ્જૈન | ૨૭૬૨ | ૯ |
| ૧૯ | આતમરાજ રાસ | સહજસુંદર | રાધનપુર | ૨૮/૧૩૦૩ | ૭ |
| ૨૦ | અજપૂત્ર રાસ | --------- | માંગરોળ | ૬૫૬ | ૩૦ |



Scanned with CamScanner

# વિચારવા યોગ્ય

આપણા જિનાલયમાં સેવા-પૂજા માટે પૂજારી તેમજ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના અભ્યાસ માટે પંડિતજી તેમજ પાઠશાળામાં અભ્યાસ માટે અધ્યાપકની જરૂરીયાત સતત રહેલી હોય છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રધર્મને ઉપયોગી એવા ક્ષેત્ર માટે પંડિતો, અધ્યાપકો અને પૂજારી વગેરે તૈયાર કરવા માટે ચાર સંસ્કૃત પાઠશાળાઓ ચાલી રહી છે. જેમા આપણા જ શ્રેષ્ઠીઓ અને ઉદારદીલ દાતાઓ તરફથી ડોનેશન, સબસીડી વગેરે આપવામાં આવે છે, આ ધાર્મિક ઉચ્ચ અભ્યાસની શાળાઓમાંથી જૈન દર્શન, તત્વજ્ઞાન, ન્યાય, સંસ્કૃત ભાષા તેમજ વ્યાકરણના ગ્રંથોના અભ્યાસ કરીને પંડિતો વગેરે દર વર્ષે ૫૦ થી ૧૦૦ જેટલા તૈયાર થાય છે. અને ધાર્મિક અભ્યાસ કરેલ હોવાથી શાસનદાઝ અને ધર્મ પ્રત્યે પણ ભાવના વાળા હોય છે. આવી સંસ્કૃત વિદ્યાપીઠો તેઓના અભ્યાસ પછી નોકરી-વ્યવસાયની નિશ્ચિત આવકની ગેરંટી આપીને શાસન માટેની ઉત્તમ સેવાની ભાવનાથી કાર્ય કરતી હોય છે. જેની હૃદયપૂર્વક અનુમોદના કરીએ છીએ.

તેમ છતાં ક્યારેક વિપરિત લાગે તેવી ઘણી બધી પ્રવૃતિઓ જૈન સંઘમાં પણ જોવા મળે છે. ત્યારે થોડી નવાઇ પણ લાગે છે, આપણા જ શ્રીસંઘો દ્વારા પોતાના સંઘના જુદા જુદા કાર્યો માટે આપવામાં આવતી સૂચના કે જાહેરાતો જનરલ સોશ્યલ મીડીયા, વોટ્સઅપ વગેરે માં આવતી હોય તેની વિગત રજુ કરી છે.

- જ્ઞાનભંડાર સંભાળી શકે તેવો જાણકાર સારો માણસ પાર્ટ ટાઇમ કે ફુલ ટાઇમ અજૈન જોઇએ છે.
- પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતો માટે સંસ્કૃની બુકનો અભ્યાસ કરાવી શકે તેવા અજૈન પંડિતની જરૂર છે.
- સંસ્કૃતના વાંચનના ગ્રંથ કરાવી શકે તેવા જૈનેતર પંડિતની જરૂર છે.
- પૂજ્ય ગુરુભગવંતને ન્યાય, વ્યાકરણનો ઉચ્ચ અભ્યાસ માટે અજૈન પંડિત અથવા કાશીમાં ભણેલા પંડિતની જરૂર છે.
- અમારી ઇન્સ્ટીટયુટના કોમ્પ્યુટર માટે જાણકાર સ્ટાફ તેમજ સંસ્કૃતના જાણકાર પંડિતની જરૂર છે. પરંતુ ઇન્ટરવ્યુ દરમ્યાન વધુમાં વધુ સંખ્યામાં અજૈન પંડિતનું સીલેક્શન થાય તે માટે ટ્રસ્ટીઓ પ્રયત્નશીલ હોય છે. અને અત્યારે જેટલા પણ આપણા જૈન ઇન્સ્ટીટ્યુટ જ્ઞાનનું કાર્ય કરી રહ્યા છે. તેમાં જૈન પંડિતો-જૈનેતર પંડિત, જૈન સ્ટાફ-જૈનેતર સ્ટાફનું પ્રમાણ ચેક કરવાથી આ વાતની પુષ્ઠી થશે.
- દેરાસર માટે પુજારી જોઇએ છે ત્યારે ઇન્ટરવ્યુમાં આવેલ વ્યક્તિઓ પૈકી જૈનેતર પુજારીને પ્રાધાન્ય આપવામાં આવે છે. સરખી લાયકાત ધરાવતા બે ઉમેદવારમાં પણ ઘણી વખત જૈનેતરને પસંદગી આપવામાં ટ્રસ્ટીઓ ધ્યાન રાખતા હોય છે.




Scanned with CamScanner

- ગુરુભગવંતોને પોતાના વ્યાખ્યાન, ચિંતન માટે પુસ્તક નોટબુક વગેરે અવારનવાર ઝેરોક્ષ અને સ્કેનીંગ તેમજ લેખની ડેટાએન્ટ્રી કરનારની જરૂર પડતી હોય છે. અને તે માટે દરેક સંઘ દ્વારા પોતાના વિસ્તારની નજીકમાં આવેલ ઝેરોક્ષ સેન્ટર, કોમ્પ્યુટરનું કાર્ય કરનારને નિશ્ચિત કરેલ હોય છે. પરંતુ પ્રાયઃઆજુ બાજુમાં આવેલ ત્રણ દુકાન પૈકી સંઘ જૈનેતર માણસને જ કાર્ય માટે નક્કી કરે છે.
- લઘુમતી સમાજના ધાર્મિક સ્થળોમાં તો પ્રાયઃ તેમનાજ ધર્મના લોકો સેવા (ઑનરરી કે વળતરથી) આપતા હોય છે. પરંતુ તેમની સામાજિક સંસ્થાઓ જેવી કે હોસ્પીટલ, સ્કુલ વગેરેમાં પણ તેઓ નોકરી માટે તેમના જ સહધર્મીને પ્રાધાન્ય આપતા હોય છે.અને હવે તો જૈનોના બધા જ ધર્મસ્થળો અને સંસ્થાઓ પણ લઘુમતીના હોવાથી સાધર્મિકને પ્રાયોરીટી આપવામાં આ વાંધો નથી.
- શાસ્ત્રમાં નૂતન દિક્ષીતે ગુરુકુલ વાસમાં રહીને ગુરુની પાસે અભ્યાસ કરવાનું વિધાન છે. દસ વર્ષ સુધી ફક્ત ને ફક્ત નૂતન દીક્ષાર્થીએ આગમ, ન્યાય, વ્યાકરણ, ષટ્ દર્શન, કર્મસાહિત્ય અને વિશિષ્ટ કળાઓનો પણ અભ્યાસ કરવો જરૂરી છે અને કોઇપણ ગુરુ દરેક વિષયના નિષ્ણાંત હોય નહીં અને શાસનની, સમુદાયની અન્ય જવાબદારીને લીધે શિષ્ય માટે અભ્યાસ માટે પુરતો સમય ન ફાળવી શકે ત્યારે પંડિત પાસે અભ્યાયની જરૂર પડતી હોય છે. અને તે માટે જુદા જુદા સમુદાય કે સંસ્થા દ્વારા સાધુ-સાધ્વીજીના અભ્યાસ માટે મોટા શહેરોમાં શ્રમણ વિદ્યાપીઠ પણ કાર્યરત છે. પરંતુ તેની સંખ્યા ખૂબ જ જુજ છે. જ્યારે આપણા શ્રમણ-શ્રમણી ભગવંતો વિશાળ સંખ્યામાં સમગ્ર ભારતમાં રહેલા છે. તેઓના અભ્યાસ માટે ભાગ્યે જ કોઇ સંઘ દ્વારા કાયમી વ્યવસ્થા કરેલ છે. એમ કહી શકાય કે સંઘના બાળકો માટે દરેક સંઘમાં લગભગ પાઠશાળા હોય છે. એટલે કે બધાને પોતાના બાળકોને સંસ્કાર યુક્ત બનાવવા છે. મોટા માટે ક્યાંક કોઇક જગ્યાએ ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય કે કર્મગ્રંથના વર્ગ ચાલતા હોય છે. પરંતુ શાસનની ધૂરા જેઓએ વહન કરવાની છે. એવા ગુરુભગવંતોના અભ્યાસ માટે દરેક સંઘમાં ઉદાસીનતા જોવા મળે છે. પૂજ્ય સાધુ-સાધ્વી માટે કાયમી અભ્યાસની વ્યવસ્થા હોય એવા સંઘ પ્રાયઃ બહુ જ ઓછા હશે.
- દરેક સંઘો દર વર્ષે ચાર્તુમાસ દરમ્યાન કે પર્યુષણમાં સાધર્મિક ટીપ કરતા હોય છે અને સાધર્મિકને મદદ કરતા હોય છે. જેથી આપણા સાધર્મિક સારી રીતે જીવી શકે. પરંતુ એજ સાધર્મિક કાર્યક્ષમહોય તો તેને આપણા જ જ્ઞાનભંડાર, ઉપાશ્રય, દેરાસરમાં શુદ્ધીકરણ વખતે બોલાવીને પ્રતિદિન લેખે સાધર્મિક ફંડમાંથી યોગ્ય મહેનતાણું આપી શકાય, આપણા જ સાધર્મિક ને મદદ કરવી ઘણી ઉત્તમછે. પરંતુ તેની લાયકાત અને કાર્યદક્ષતા પ્રમાણે યોગ્ય કામ સોંપીને વળતર આપવાથી તેનું સ્વમાન પણ સચવાશે અને મદદ કર્યાનો સંતોષ પણ કાર્ય કરાવનારને મળશે. હાલના સોશ્યલ મિડીયાના જમાનામાં એક જ મેસેજ કે સમાચારથી ઘણું કાર્ય થતુ હોય છે. તેમાંથી તારવીને થોડીક વાતો રજુ કરી છે.સંવિગ્ન ગીતાર્થ ગુરુભગવંતો સરળ સંઘને યોગ્ય માર્ગદર્શન હિતશિક્ષા આપે એવી અપેક્ષા સહ.....



Scanned with CamScanner




## અહો શ્રુતમ્ - jain Jewels

સંપાદકની કોલમમાં લખેલ ઓપન લાયબ્રેરીની શરૂઆત અમોએ શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર કે જ્યાં બાળકો માટેની પાઠશાળા પણ ચાલે છે. ત્યાં અહો શ્રુતમ્ - jain Jewels શરૂ પણ કરી છે અને સાબરમતી સંઘની પાઠશાળામાં પણ આવી રેક મુકી છે કે જેમાં દિવાલ ઉપર ૨ાા X ૩ાા ફુટની જગ્યામાં ૧૦૦ થી વધુ પુસ્તકોનો સમાવેશ થાય છે

## શ્રુત સમાચાર

**યશોલત્તા :** પંડિતવર્ય ધર્મદત્ત (બચ્ચાઝા ) દ્વારા ઘણા વર્ષો પહેલા તર્કશાસ્ત્રનો શિરમોર સમાન વ્યાપ્તિ પંચક-વિવૃતિ કે જે ગુઢાર્થ તત્ત્વાલોક ટીકા તરીકે પ્રસિદ્ધ છે તે બનાવેલ અને ખૂબ જ કઠીન હોવાથી બહુ જ જુજ સંખ્યામાં ગુરુભગવંતો અને વિદ્વાનો તેનો અભ્યાસ કરી શક્તા હતા. આવા કઠીન ગ્રંથનો પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયના વિદ્વાન પૂ.આ.શ્રી યશોવિજયસૂરિજી મ.સા.ના વિદ્વાન શિષ્યરત્ન શ્રી ભક્તિયશવિજયજી દ્વારા ૯૦૦૦૦ શ્લોક પ્રમાણ યશોલતા નામની વિસ્તૃત ટીકા બનાવી છે. જેને લીધે ન્યાયના વિષયનો અભ્યાસ કરનારને ખૂબ જ સરળતા રહેશે. ૪૫૦૦ થી વધુ પૃષ્ઠ અને ૧૪ ભાગોમાં બનાવેલ આ ગ્રંથનો દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા ભવ્ય વિમોચન સમારોહ સંસ્કૃતના વરિષ્ઠ વિદ્વાન પંડિતોની અધ્યક્ષતામાં રાજકોટમાં પ્રવજ્યાના પ્રંસગે પ્રભુ મહાવીરના કેલળજ્ઞાન કલ્યાણકના દિવસે રાખવામાં આવેલ.

**અનુસંધાન પાન નં...૧ ઉપર થી** આ પુસ્તકો રેક માં લેખક પ્રમાણે કે વિષય પ્રમાણે પણ ગોઠવી શકાય. દાત : વાર્તા, તત્વજ્ઞાન, હિન્દી, બાળકો માટે, સૂત્ર અને વિધિ, માર્ગાનુસારિ વગેરે જુદા જુદા વિષયના પુસ્તકો ખુલ્લા મુકવાથી પુસ્તકનું નામ, ચિત્ર આકર્ષક પ્રિન્ટીંગ જોઇને કુતુહલવશ પણ વાંચવાનું મન થશે. શ્રાવક કે શ્રાવિકા ઉપાશ્રયમાં સામાયિક કે પૌષધ કરનાર પણ એક વખત જે તે પુસ્તક જોવા લેશે તે વાંચવા પ્રેરાશે અને પછી ધીરે ધીરે જે તે લેખક કે વિષયના અભ્યાસોનો રસ જાગશે. ઘણી વખત ગુરુભગવંતોને વંદન માટે શ્રાવકો કે શ્રાવિકા ઉપાશ્રયમાં આવે છે ત્યારે ગુરુભગવંત અન્ય કામમાં વ્યસ્ત હોવાથી વ્યક્તિ તેમની રાહ જુએ છે અને બેસી રહે છે ત્યારે આવા પુસ્તકની ઓપન લાયબ્રેરી હોય તો તેઓ તેમાંથી પોતાના મનગમતા વિષયનું પુસ્તક લઇને પોતાના સમયનો સદ્ઉપયોગ કરી શકે.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1 Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org



Scanned with CamScanner